# <u>અખબારી યાદી</u>

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર સાથે સંકળાયેલ તમામ શાળાઓને જણાવવામાં આવે છે કે માર્ચ-૨૦૧૯ ની બોર્ડની જાહેર પરીક્ષાઓના આવેદનપત્રો ભરવાની પ્રક્રિયા આગામી દિવસોમાં શરૂ થનાર છે. પરીક્ષાના આવેદનપત્રો ભરતા પહેલા School Registration અને Teacher Registration ની પ્રક્રિયા પૂર્ણ કરવી ફરજીયાત છે. School Registration અને Teacher Registration ની પ્રક્રિયા નીચેની વેબસાઇટ પર ઓનલાઇન શરૂ કરી દેવામાં આવી છે.

૧) School Registration માટે:

<u>schoolreg.gseb.org</u>

૨) Teacher Registration માટે:

<u>teacherreg.gseb.org</u>

ચાલુ વર્ષે નોંધાયેલ તમામ નવી શાળાઓએ નવેસરથી રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. હાલ ચાલુ શાળાઓએ માહિતી અદ્યતન(update) કરવાની રહેશે.

**<u>જેમાં School Registration માં મુખ્યત્વે</u>**

ચાલુવર્ષના તમામ ધોરણના ચાલુ વર્ગોના વિદ્યાર્થીઓની સંખ્યા અચુક ભરવાની રહેશે તથા શાળાનું નામ અને સરનામાની ખરાઇ કરવાની રહેશે. જો તેમાં કોઇ સુધારો હોય તો સુધારાના ઓર્ડર સાથે બોર્ડની શાળા નિયંત્રણ શાખાનો રૂબરૂ સંપર્ક કરવાનો રહેશે. ચાલુ વર્ષે જે શાળાઓને નવા Index Number ફાળવવામાં આવ્યા છે તે શાળાઓએ તેમની ક્રમિક વર્ગની અરજી સમયે જે Email ID ભરવામાં આવ્યું હતું તે જ Email ID પર "password" મોકલી આપવામાં આવશે. જો Email ID ભરવામાં ભૂલ કરેલ હોય તો પાસવર્ડ મેળવવા બોર્ડની શાળા નિયંત્રણ શાખાનો સંપર્ક કરવાનો રહેશે.

**<u>તેમજ Teacher Registration માં શિક્ષકોની માહિતી અદ્યતન કરવાની રહેશે. જેમાં મુખ્યત્વે</u>**

૧) નવા નિમણૂંક થયેલા શિક્ષકો ઉમેરવા

૨) છુટા થયેલ/રીટાયર્ડ થયેલ/રાજીનામું આપેલ શિક્ષકો Inactive કરવા

૩) શિક્ષકોના વિષય તથા હાલ ભણાવતા વિષયના અનુભવની તથા કુલ અનુભવની વિગત ચોકસાઇપૂર્વક સુધારવાની પ્રક્રિયા પૂર્ણ કરવા વિનંતી છે.

સહી/-

સચિવ

ગુજરાત માધ્યમિક અને

ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ,

ગાંધીનગર

<u>તારીખ</u>: ૦૧/૧૦/૨૦૧૮

<u>સ્થળ</u>: ગાંધીનગર